જીવનમાં કડવી, મીઠી ઘટનાઓ સતત બનતી જ રહે છે.. કડવી ઘટનાને ભૂલી જઇએ મીઠી ઘટનાઓને વાગોળીએ તો વિપરીત પરિસ્થિતિમાં પણ જીવન જીવવા જેવું લાગશે
- જીવનસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૨૭ | ૧૭ જુલાઇ, ૨૦૧૪, ગુરૂવાર; અષાઢ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● વિજળીના દરમાં પણ ૬ થી ૭ ટકાનો વધારો થશે**

'અચ્છે દિન'ની પ્રજાની



આશાઓ હજુ પણ ઠગારી નીવડી શકે છે કારણ કે શાકભાજી અને ગેસ પછી હજુ વિજળીમાં પણ ૬ થી ૭ ટકાનો વધારો તોળાઈ રહ્યો છે. મોંઘવારીના મારથી ત્રસ્ત પ્રજા પર વિજળીના દરમાં નાણાં મંત્રી દ્વારા બજેટમાં કલીન એનર્જી સેસ અને કસ્ટમ ડયુટીમાં વધારાની જાહેરાતના કારણે તેમજ જુન મહિનામાં ફ્રેઈટના દરમાં વધારાને લીધે વપરાશકારોએ પ્રત્યેક યુનિટે ૧૮ થી ૨૧ પૈસા વધુ ચુકવવા પડશે.

**● ટીડીએસ કાપીને જમા કરાવવાની જવાબદારી કંપનીની, કર્મચારીની નહીં : હાઈકોર્ટ**

કરપાત્ર આવક ધરાવતા



કર્મચારીઓના પગારમાંથી ટીડીએસ કાપીને આવકવેરા ખાતામાં ભરાવવાની જવાબદારી કંપનીની છે. જો કંપની દ્વારા ટીડીએસ કાપીને આવકવેરા ખાતામાં જમા કરાવવામાં ન આવે તો કર્મચારી ફરીથી આવકવેરો ભરવા જવાબદાર નથી તેવો ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક ચુકાદો આપ્યો છે. આ કેસમાં કંપની દ્વારા ઈશ્યુ કરાયેલા ફોર્મ-૧૬ અને ફોર્મ-૧૬ એમાં ટીડીએસ ની કપાત કરી હોવાનું સ્પષ્ટ દર્શાવાયું હતું છતાં કંપનીએ જમા કરાવ્યો નહોતો.

**● હવે ઈલેક્ટ્રીક બસો દોડાવી પર્યાવરણનું રક્ષણ કરાશે**

રાજયની રાજધાની ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે



પ્રાયોગિક ધોરણે 'ઈલેક્ટ્રીક બસો' ચલાવવા એક પાયલોટ પ્રોજેકટ હાથ ધરાશે. જો આ પ્રયોગ સફળ રહેશે તો રાજયના અન્ય રૂટો પર પણ આ પ્રકારની ઈલેક્ટ્રીક બસો દોડાવાશે જેના કારણે પર્યાવરણને ઘણો લાભ થશે અને વાતાવરણ વધુ સ્વચ્છ અને હરિત બનશે.

**● 'બિલ માંગે તેનું નસીબ જાગે' યોજના ફરી આવી રહી છે**

રાજયમાં લગભગ ૪૨ ટકા વેપારીઓ હજુ પણ બિલ આપ્યા વગર વસ્તુઓનું વેચાણ કરી રહ્યા છે. ગ્રાહકોને ખરીદી પછી બિલ માંગવા પ્રોત્સાહિત કરવા ટૂંક



સમયમાં વેટ ખાતા તરફથી 'બિલ માંગે તેનું નસીબ જાગે' યોજના લોન્ચ કરવાની તૈયાર કરાઈ રહી છે. આ વખતે વેટ વિભાગ દ્વારા બિલની ઝેરોક્ષના બદલે મોબાઈલથી ફોટો પાડીને વોટસએપ કે ઈમેઈલ કરી શકાય તેવો વિકલ્પ પણ રજુ કરવાનું પ્લાનીંગ કરાઈ રહ્યું છે.

# ઘનઘોર વાદળો છતાં વરસાદ નહિવત

### વહેલી પરોઢે પડેલા ઝાપટા પછી દિવસ દરમ્યાન માત્ર અમીછાંટણા જ કર્યા : દિવસ દરમ્યાન સતત બાફનું પ્રમાણ રહ્યું : કોબા રોડ પર મકાઈની લારીઓ લાગી ગઈ



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં આજે સવારથી જ વાતાવરણ ચોમાસાને છાજે તેવું દેખાતા જ નગરજનો હર્ષમાં આવી ગયા હતા. આ પહેલા ગઈકાલના અમી છાંટણી બાદ આજે વહેલી પરોઢે એક ઝાપટુ પડ્યું હતું. જેમાં ૩ મીમી જેટલો વરસાદ થયો હતો. જો કે દિવસ દરમ્યાન આ માહોલ જળવાઈ રહ્યો હતો પરંતુ વરસાદ મન મુકીને વરસ્યો નહોતો જેથી નગરજનોમાં નિરાશા ફેલાઈ હતી. આજે સવારે ભેજનું પ્રમાણ ૮૭ ટકા હતુ જે આજ સુધી ૭૦ ટકા સુધી જળવાયેલું રહ્યું હતું અને દિવસ દરમ્યાન ઉકળાટે માજા મુકી હતી.

દિવસ દરમ્યાન સખત બાફ અને ઉકળાટ થવા છતાં વરસાદે ક્યાંક ક્યાંક છાંટણા કરવાથી વધુ વરસ્યો નહોતો. વહેલી પરોઢે પડેલા ઝાપટાને કારણે સમગ્ર નગરમાં ચોમાસુ બેસી ગયાની પ્રતિતિ થતી હતી પરંતુ આખા દિવસમાં માત્ર અડધો મીલીમીટર જ વરસાદ વરસ્યો હતો. આમ દિવસનો કુલ વરસાદ માત્ર ૩.૫ મીમી જ થવા પામ્યો હતો.

આજે ઉકળાટના કારણે ગરમીનું પ્રમાણ પણ વધુ જણાતુ હતુ અને પવનની ગેરહાજરી વર્તાઈ હતી. આજે ગરમીનો પારો મહત્તમ ૩૨.૫ ડિગ્રી સેલ્શિયસે હતો છતાં બાફનું પ્રમાણ વધુ હોવાનું નગરજનોને સ્પષ્ટ અનુભવાયું હતું. ગરમી લઘુત્તમ ૨૫.૫ ડિગ્રી નોંધાઈ હતી. જ્યારે ભેજનું પ્રમાણ સતત જળવાયેલું રહ્યું હતું. ગઈકાલથી જામેલા આ વરસાદી માહોલે ફરી એકવાર માત્ર દેખાડો કરીને નગરજનોને છેતર્યા હતા અને ભારે વરસાદની શક્યતા લાગવા છતાં માત્ર છાંટણાથી જ દિવસ પુરો કરી દીધો હતો. આટ આટલા વાદળો ઘેરાવા છતાં વરસાદ મનમુકીને વરસતો ના હોવાથી નગરજનો પણ ચિંતિત બન્યા હતા અને આ માત્ર એક ઝાપટા સ્વરૂપે પડેલા વરસાદને વધાવવો કે નહી તેની અવઢવમાં મુકાયા હતા.

જો કે આ વરસાદી માહોલ ભલે આભાસી સાબિત થયો હોય પરંતુ ગાંધીનગરના કોબા હાઈવે પર મકાઈની લારીઓ હારબંધ ગોઠવાઈ ગઈ હતી અને વરસાદી મોસમમાં ચટાકેદાર મકાઈ ડોડા ખાવાના શોખીનો અને કોબા હાઈવે પરના વાહનચલકોએ મસ્ત મકાઈની મોજ ભરપૂર ઉઠાવી હતી. ઠેર ઠેર લારીઓ પર મકાઈ ખાવા લોકો જતા. ખાસ કરીને યુવાન કપલોએ ભીડ જમાવી દીધી હતી.

# આજે અછત અંગે સરકાર અધિકારીઓ સાથે ચિંતન કરશે

### પેયજળ માટે ૧૦૪ કરોડનો માસ્ટર પ્લાન તૈયાર : ઘાસચારા માટે પણ માંગણી મળ્યા બાદ નિર્ણય : રોજગારી માટે મનરેગા પર ભાર મુકાશે આજે જિલ્લા કલેક્ટરો સાથેની બેઠકમાં અછતની સ્થિતિ અંગે ચર્ચા થશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી અછતની સ્થિતિ અંગેના વિગતવાર અહેવાલ પર આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ જિલ્લાના અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષા કરશે.

રાજ્યમાં ડોકાઈ રહેલા દુષ્કાળની સ્થિતિની સમીક્ષા આજે સચિવાલયમાં મળનાર જિલ્લા કલેક્ટરોની માસિક સમીક્ષા બેઠકનો મુખ્ય મુદ્દો બનશે. આ માટે દરેક કલેક્ટરોને જિલ્લાની છેલ્લી સ્થિતિના અહેવાલ સાથે આવવા તાકીદ કરાઈ છે.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દરેક જિલ્લાના કલેક્ટરો પાસેથી આ અંગેની વિગતો મેળવશે. રાજ્ય સરકારે વરસાદ ખેંચાતા પાણીની સમસ્યા ઉભી થાય તો કોઈ પણ ટેકનીકલ કે વહીવટીય મંજૂરીની રાહ જોયા વગર શરૂ કરવાની સૂચનાઓ આપી છે તો ઘાસચારાની જરૂરિયાત અંગે અહેવાલ માંગ્યા છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકાર આજની બેઠકમાં આનાવારી કરી પરિસ્થિતિનો અહેવાલ આપવા

● અનુસંધાન પાન-૭ પર



છત્રી બજાર - વરસાદના આગમનના એંધાણ સાથે છત્રી બજાર તેજ બન્યું છે... વરસાદની સામે રક્ષણ માટે છત્રી ઓઢવાનો મહાવરો માણસ માત્રને થયો છે... વરસાદમાં ભિંજાવવું લ્હાવો છે... પરંતુ વધારે ભિંજાવાથી શરદી-સળેખમનો ભય સતાવે છે... એટલે જ છત્રિની શોધ થઈ હશે... વરસાદ સામે રક્ષણ મેળવવા છત્રિનો સહારો લેવાનું અનિવાર્ય બનતું જાય છે અને એટલે મધ્યમ વર્ગનો માનવી ચોમાસામાં છત્રિ રોજ સાથે રાખે છે...

# રાજ્ય સરકાર સરકારી સેવાના વિસ્તાર માટે મોબાઈલ ગર્વનન્સ્‌નો અભિગમ અપનાવશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત સરકાર હવે ઈ-ગર્વનન્સ્‌ બાદ વહીવટીતંત્રના સાર્વત્રિકરણ માટે એમ-ગર્વનન્સ્‌નો નવતર અભિગમ અમલમાં મુકવા માટે આગળ વધી રહી છે.

મોબાઈલ-ગર્વનન્સ્‌ના અભિગમ થકી સરકાર અંતરિયાળ વિસ્તારોમાં લોકોને સરળતાથી તેમના પ્રશ્નો ઉકેલી શકે તે માટે આ અભિગમ્‌ અપનાવવા આતુર બની છે. આ માટે સરકારે અંદાજપત્રમાં પણ ખાસ જોગવાઈ કરી છે.

મળતી વિગતો પ્રમાણે આ અંગેની આખી કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. અને ટુંક જ સમયમાં તેની વિધિવત્‌ ઘોષણા પણ કરવામાં આવશે. મોબાઈલ ગર્વનન્સ્‌ પ્લેટફોર્મના વિસ્તારમાં સરકારી સેવાઓ આવરી લેવા માટે મોબાઈલ ડીવાઈસીસ પણ ડેવલપ કરવામાં આવી રહ્યું છે.

દરમ્યાન સરકારી સર્વરોમાં સંગ્રહીત ડેટા સહિત સંભવિત નેટવર્ક વ્યવસ્થાને વારંવાર ખોરવાતી રોકવા અને સરકારી સર્વરોમાં સંગ્રહીત ડેટા સહિત સરકારી વેબસાઈટો અને રાજ્ય સરકાર નેટવર્કની સલામતી માટે એક સલામતી સાઈબર સેલ પણ ઉભુ કરવા જઈ રહેલ છે.

ઈ.ગર્વનન્સ્‌ થકી વહીવટીતંત્રમાં આવેલી પારદર્શિતા બાદ સરકારી સેવાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે મોબાઈલ ગર્વનન્સનો અભિગમ અપનાવવામાં આવી રહ્યું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

# ઉવારસદના ખેડૂતે નાયબ કલેક્ટરનો બનાવટી રબ્બર સ્ટેમ્પ બનાવી દીધો

### જમીન શરતફેરના હેતુ માટે જમીન સુધારણા નાયબ કલેક્ટરનો સ્ટેમ્પ બનાવી ખોટો લેટર તૈયાર કરી છેતરપીંડી કરી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામના એક ખેડૂતે મળતીયાઓ સાથે મળીને તેની જમીનના હેતુફેર માટે નયાબ કલેક્ટર, જમીન સુધારણાનો બનાવટી રબ્બર સ્ટેમ્પ તૈયાર કરીને ખોટો લેટર બનાવી છેતરપીંડી આચરી હોવાની ફરીયાદ નાયબ મામલતદારે સેક્ટર-૭ પોલીસમથકે નોંધાવી છે. પોલીસે છેતરપીંડીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર નાયબ મામલતદાર રતનસિંહ લખાજી બિહોલાએ સેક્ટર-૭ પોલીસમથકે છેતરપીંડી અંગે પોલીસ ફરીયાદ નોંધાવી છે. ઉવારસદ ગામની સર્વે નં. ૧૦૫૧ વાળી જમીનના ખેડૂત તથા તેના મળતીયાઓએ ૨૧ માર્ચ ૨૦૧૪ પહેલા કોઈ પણ સમયે નાયબ કલેક્ટર, જમીન સુધારણાનો બનાવટી રબ્બર સ્ટેમ્પ બનાવી જમીન શરતફેરના હેતુ માટે ખોટો લેટર તૈયાર કરીને છેતરપીંડી આચરી હોવાની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# ખોરજ પાસે રેલ્વે ટ્રેક પર ટ્રેનની અડફેટે યુવાનનું મૃત્યુ

### ટ્રેક પર અજાણ્યા યુવાનનો મૃતદેહ પડ્યો હોવાની જાણ સ્ટેશન માસ્ટરે રેલ્વે પોલીસને કરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા ખોરજ ખોડીયાર રેલ્વે સ્ટેશન નજીક ટ્રેક ઉપર એક અજાણ્યા યુવાનનું ટ્રેઈનની અડફેટે મૃત્યુ થયું હોવાની તથા મૃતદેહ ટ્રેક પર પડ્યો હોવાની જાણ આજે સવારના અરસામાં સ્ટેશન માસ્ટરે રેલ્વે પોલીસને કરતા ગાંધીનગર રેલ્વે ચોકીની પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસે અજાણ્યા યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી મૃતકની ઓળખ માટે તજવીજ શરુ કરી છે. જો કે હજુ સુધી મૃતક યુવાનની ઓળખ થઈ શકી નથી.

ખોરજ ખોડીયાર રેલ્વે સ્ટેશનના સ્ટેશન માસ્ટરે રેલ્વે પોલીસને જાણ કરી હતી કે ખોરજ પાસે રેલ્વે ટ્રેક પર આશરે ૨૮ વર્ષીય અજાણ્યા યુવાનનો મૃતદેહ પડ્યો છે. રેલ્વે ટ્રેક પરથી પસાર થતી ટ્રેઈનની અડફેટે આવી ગયેલા યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ગાંધીનગર રેલ્વે આઉટ પોસ્ટના જમાદાર નારણભાઈ અને કોન્સ્ટેબલ ભાવેશભાઈ ઘટનાની જાણ થતા જ બનાવ સ્થળે પહોંચી ગયા હતા. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી રેલ્વે પોલીસે ગુનો દાખલ કર્યો છે. આ યુવાનની ઓળખ હજુ થઈ શકી નથી. તેની ઓળખ માટે રેલ્વે પોલીસે દોડધામ શરુ કરી છે. મૃતક યુવાને શરીરે જાંબલી રંગનો શર્ટ અને કાળા રંગનું પેન્ટ પહેર્યું છે. શરીરે માધ્યમ બાંધો અને રંગે ઘઉં વર્ણ ધરાવતા આ યુવાનના વાલીવારસની શોધખોળ રેલ્વે પોલીસે શરુ કરી છે.


ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

